# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યના વિવિધ જિલ્લામાંથી 800થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટકાયત.**
2. **લોકોને વરસાદી પાણીના સંગ્રહના અભિયાનમાં જોડાવવા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલનું આહ્વાન.**
3. **રાજ્યના શહેરી વિસ્તારોમાં ચોમાસા પહેલા 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત 50 લાખથી વધુ વૃક્ષ વાવવામાં આવશે.**
4. **રાજ્ય વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલે આદિવાસી સમુદાય પાસે જમીનની જાળવણીના પાઠ શીખવા અપીલ કરી.**
5. **રાજ્યમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SANGHAVI VALSAD

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગઈકાલે 800થી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટકાત કરવામાં આવી. વલસાડ જિલ્લા પોલીસે ગઈકાલે વિવિધ વિસ્તારમાં તપાસ અભિયાન હાથ ધરી 383 જેટલા શંકાસ્પદ લોકોને પકડી પૂછપરછ હાથ ધરી છે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ માહિતી આપી.

## (બાઈટ – હર્ષ સંઘવી, ગૃહરાજ્ય મંત્રી)

દરમિયાન વડોદરા રેલવે મથક પરથી ગઈકાલે પાંચ બાંગ્લાદેશી નાગરિક પકડાયા હતા. આ અંગે પોલીસ ઇન્સ્પેક્ટર જ્યોતિ વસાવાએ માહિતી આપી.

## (બાઈટ – જ્યોતિ વસાવા, પીઆઈ)

બીજી તરફ, અમદાવાદ ગ્રામ્ય પોલીસે ગઈકાલે સાંજે ઓળખ તપાસ માટે 536 બાંગ્લાદેશી શંકાસ્પદોની અટકાયત કરી છે. તો વડોદરા પોલીસે બાપોદના એકતાનગર વિસ્તારમાં સતત બીજા દિવસે તપાસ અભિયાન હાથ ધર્યું . ઉપરાંત શંકાસ્પદ બાંગ્લાદેશી 200 પુરુષ અને 100 મહિલાને ચકાસણી માટે બાપોદ પોલીસ મથક લવાયાં હતાં.

ભરૂચમાં પણ સ્થાનિક ગુનાશાખા અને S.O.G. પોલીસે 29 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી. અંદાજે 150 શંકાસ્પદ લોકોને પૂછપરછ માટે જિલ્લા પોલીસના મુખ્યમથક ખાતે લવાયા હતા.

જ્યારે નવસારીના નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, બીલીમોરા અને ખેરગામમાં તેમજ પોરબંદરના સુભાષનગર વિસ્તારમાં ગઇકાલે શંકાસ્પદ નાગરિકોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી.

# CR PATIL SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે લોકોને વરસાદી પાણીના સંગ્રહ અને જળસંચય અભિયાનમાં જોડાવવા અપીલ કરી છે. સુરતમાં શ્રી આહિર સમાજ જળસંચય સમિતિ દ્વારા યોજાયેલા બે હજાર 500થી વધુ માળખાગત વરસાદી પાણીના સંચય માટેના કાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ગઈકાલે શ્રી પાટીલે આ મુજબ જણાવ્યું હતું.

## (બાઈટ – સી.આર.પાટીલ)

તેમણે કહ્યું, સમગ્ર દેશમાં લોકોએ 400 કરોડથી વધુ રૂપિયાના ખર્ચે પાણી માટેની માળખાગત સુવિધા થકી જળનો સંચય કર્યો છે. સૌની યોજનાના કારણે સૌરાષ્ટ્રમાં પાણીની મહેર થઈ હોવાનું પણ શ્રી પાટીલે ઉમેર્યું હતું.

---

# AMDAVAD VRUKSHAROPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યના શહેરી વિસ્તારોમાં આગામી ચોમાસા પહેલા 'એક પેડ મા કે નામ ' અભિયાન અંતર્ગત 50 લાખથી વધુ વૃક્ષ વાવવામાં આવશે. દરમિયાન અમદાવાદ શહેરમાં ગત ત્રણ વર્ષમાં 70 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું છે. મહાનગરપાલિકાએ આ વર્ષે શહેરમાં 40 લાખ વૃક્ષ વાવવાનો સંકલ્પ રાખ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં આ અંગે અમદાવાદની પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ કહ્યું, વૃક્ષાચ્છાદિત આવરણ વધતા અને જળસંગ્રહ ક્ષમતા માટેના ઉપાય હાથ ધરાતા અમદાવાદ ગ્લૉબલ વૉર્મિંગ સામે લડનારા મુખ્ય શહેરોમાંથી એક શહેર બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ પ્રધાનમંત્રીના 'એક પેડ મા કે નામ' અને વરસાદી પાણીના સંગ્રહના અભિયાન 'કેચ ધ રેઈન' જેવા સંકલ્પ પાર પાડવા ગુજરાત સજ્જ હોવાનું જણાવ્યું છે.

---

# HC CJ NARMADA

રાજ્ય વડી અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગરવાલે કહ્યું, આદિવાસી જીવન ધરતી અને પ્રકૃતિ સાથે જોડાયેલું છે. આદિવાસી સમુદાય પાસે ધરતી માતાની જાળવણી અને પ્રકૃતિ સાથે કઈ રીતે જોડાવવું એ લોકોએ શીખવું જોઈએ.

**(બાઈટ – સુનિતા અગરવાલ, ચીફ જસ્ટિસ)**

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા નર્મદાના એકતાનગર ખાતે યોજાયેલા મેગા લિગલ અવેરનેસ એન્ડ એમ્પાવરમેન્ટ કેમ્પમાં સુશ્રી અગરવાલે ગઈકાલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે આદિવાસી સમુદાયના અધિકારો અને યોજનાઓ તેમના સુધી પહોંચાડવામાં ન્યાયતંત્ર એક કડી હોવાનું પણ ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે , સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બી. આર. ગવઈની અધ્યક્ષતામાં યોજાયેલા આ કૅમ્પમાં યોજનાકીય સહાય , પ્રાકૃતિક ખેતી, શિક્ષણ, આરોગ્ય સહિતની વિવિધ 18 જેટલી હાટડી પણ બનાવાઈ હતી. તેના થકી લોકોને વિવિધ યોજનાઓથી જાગૃત કરાયા હતા.

---

# PATAN – PAHALGAM SHRADDHANJALI

પાટણના બગવાડા દરવાજા ખાતે પહલગામ આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. બગવાડા દરવાજા ખાતે રાજકીય , સામાજિક, સહકારી આગેવાનો, કાર્યકર્તાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ અને કૉર્પોરેટરોએ મૃતકોની આત્માની શાન્તિ માટે પ્રાર્થના કરી હતી.

---

# HAVAMAN

રાજ્યમાં 24 કલાક સુધી મહત્તમ તાપમાનમાં ફેરફારની સંભાવના નહીંવત્ છે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. સત્તાવાર યાદી મુજબ , 24 કલાક બાદ મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. જ્યારે આગામી સાત દિવસ રાજ્ય અને સૌરાષ્ટ્ર-કચ્છમાં મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના છે.

ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટમાં નોંધાયું. જ્યારે અમરેલી , કંડલા હવાઈમથક અને સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી તો, ભુજમાં 42 અને અમદાવાદ , બનાસકાંઠાના ડીસા તેમજ ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયું છે.

---

# MUKESH PATEL- SURAT LOKARPAN

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે સૂરતના ઓલપાડ તાલુકાના વિવિધ ગામોને જોડતા 18 માર્ગના કામનું ખાતમુહૂર્ત કર્યું. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ 24 કરોડ 89 લાખ રૂપિયાના ખર્ચે દાંડી, નઘોઇ, કીમ, પારડી, વડોલી, ઉરાછી, કુંડળ અને માસમા સહિતના ગામમાં આ માર્ગનું નિર્માણ થશે.

---

# DAHOD MATLANU VECHAN

દાહોદના લીમખેડા તાલુકામાં બનતા પ્રાકૃતિક માટલાની વિશેષ માગ જોવા મળી રહી છે. બજારમાં માટલાં અને માટીના ગ્લાસ , હાંડી અને બોટલ જેવા વાસણના વેચાણમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ અંગે સ્થાનિક કુંભાર નરેશ પ્રજાપતિએ માહિતી આપી.

**બાઈટ - પ્રજાપતિ નરેશભાઈ,કુંભાર**

---

# BHAVNAGAR HAJYATRA

ભાવનગર શહેર અને જિલ્લામાંથી આ વખતે 600થી વધુ હજયાત્રીઓ બીજી મેથી 31 મેની વચ્ચે વિમાન મારફતે હજયાત્રાએ જશે. આ હજયાત્રીઓને ગઈકાલે ભાવનગરની સર. ટી. હૉસ્પિટલ ખાતે રસી આપવામાં આવી હતી.

---

# AMDAVAD ROJGAR MELO

અમદાવાદમાં યોજાયેલા પાંચ દિવસના રોજગાર મેળામાં બે હજારથી વધુ યુવાનોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ , શહેરની રોજગાર કચેરી ખાતે 21થી 25 એપ્રિલ સુધી યોજાયેલા મેળામાં 83 જેટલી વિવિધ અગ્રગણ્ય કંપનીઓ, બે હજાર 400થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો.

---

# IPL

ઈન્ડીયન પ્રીમિયર લીગ – IPL T-20 ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ રમાશે. જયપુરના સ્વાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે સાંજે 7.30 વાગ્યે આ મેચ શરૂ થશે.

ગત રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ દિલ્હી કેપિટલ્સ સામે 6 વિકેટથી વિજય મેળવ્યો હતો. દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 163 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો . બેગ્લુરૂની ટીમે નવ બોલ પહેલાં જ ચાર વિકેટ ગુમાવીને 165 રન બનાવ્યા અને મેચ જીતી લીધી.

---